International Journal of Research in all Subjects in Multi Languages [Author: Dr. Girishkumar P. Raval] [Subject: Education]
Vol. 2, Issue: 3, March 2014 (IJRSML) ISSN: 2321 - 2853

# માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી આદિવાસી વિદ્યાર્થિનીઓની શૈક્ષણિક સમસ્યાઓ

*ડૉ. ગિરીશકુમાર પી. રાવલ*
*એસોસિએટ પ્રોફેસર અને પ્રિન્સીપાલ-ઈન-ચાર્જ,*
*બી. ડી. શાહ કોલેજ ઓફ એજ્યુકેશનકોલેજ કેમ્પસ, મોડાસા, જિ.સાબરકાંઠા (ગુજરાત)*

## સંશોધન સારાંશ

*વિશ્વમાં ભારતની સંસ્કૃતિ સર્વ સંસ્કૃતિઓમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે.ભારતીય સંસ્કૃતિ માં આદિમ જાતિનુ સ્થાન મોખરાનું છે. ભારતના બંધારણમાં તે અનુસૂચિત જનજાતિ તરીકે ઓળખાય છે. અનુસૂચિત જનજાતિના લોકોનું જીવન અનેકવિધ સમસ્યાઓથી ભરેલું હોય છે. આદિવાસી સ્ત્રીઓનો દરજ્જો અને ભૂમિકાની અસર તેમના વિકાસ પર પડે છે. આઝાદી પહેલા અને પછી આ પ્રજા સુખી હતી પણ જ્યારથી જંગલોનો નાશ ઔદ્યોગિકરણને કારણે થયો તેથી આ પ્રજા ગરીબાઈમાં સપડાઈ તેથી તેમાં શિક્ષણનો વ્યાપ બહુ જ ઓછો જોવા મળે છે.તેમાંય ખાસ કરીને બહેનોનું શિક્ષણ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. સર્વ સમાજોના માણસોનો શૈક્ષણિક વિકાસ સંધાય તેજ રીતે આદિવાસી પ્રજાનો પણ શૈક્ષણિક વિકાસ સધાય તે જરુરી છે. સર્વત્ર શિક્ષણની વ્યવસ્થા થઈ હોવા છતાં ભૌગોલિક રીતે સામાજિક,ધાર્મિક, આર્થિક સાંસ્કૃતિક રીત શૈક્ષણિક સમસ્યાઓ હજુ નડે છે. જેના કારણે આદિવાસી બહેનોને શિક્ષણથી વંચિત રહેવું પડે છે. આ માટે, શિક્ષકે વિદ્યાર્થિનીઓના અભ્યાસ તરફ ધ્યાન આપવું,વિદ્યાર્થિનીઓની સમસ્યાઓ જાણી ને તેનું નિવારણ કરવું, સમસ્યાઓને જાણી તેને અભ્યાસ પ્રત્યે પ્રેરિત કરવામાં વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ કરવો ,વિદ્યાર્થિનીઓને વયકક્ષા પ્રમાણે યોગ્ય માર્ગદર્શન આપવું,પોતાના વર્ગમાં બધી વિદ્યાર્થિનીઓ પ્રત્યે સમાન વલણ રાખવું જોઈએ.*

### ૧. પ્રસ્તાવના

*વિશ્વના અનેક દેશોમાં ભિન્ન ભિન્ન સંસ્કૃતિ જોવા મળે છે. વિશ્વમાં ભારતની સંસ્કૃતિ સર્વ સંસ્કૃતિઓમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. સંસ્કૃતિની લાક્ષણિકતા પ્રમાણે ભારતમાં જુદી જુદી સમાજ વ્યવસ્થા જોવા મળે છે. જેમ પ્રકૃતિ રંગબેરંગી છે. તેમ ભારતની પ્રજા પણ જુદી જુદી જોવા મળે છે. તેમા ભારતીય સંસ્કૃતિ માં આદિમ જાતિનુ સ્થાન મોખરાનું છે. જેને ભારતમાં આદિકાળથી મૂળગત માનવામાં આવે છે. પહાડી પ્રદેશમાં વસવાટ તેની મુખ્ય લાક્ષણિકતા છે. તેમને ભદ્ર સમાજે જુદા જુદા નામથી ઓળખ્યા છે. આવા આદિવાસીઓને ગિરિજન, ભૂમિજન, રાનીપરજ, કાળીપરજ, વન્યજાતિ, વનવાસી વગેરે શબ્દોથી ઓળખવામાં આવે છે.ભારતના બંધારણમાં અનુસૂચિત જનજાતિ તરીકે ઓળખાય છે. આ જાતિના કલ્યાણ માટે ભારતમાં સરકારી એજન્સીઓ દ્વારા કાયદેસર રીતે વહીવટી માળખા દ્વારા પ્રયાસો થઈ રહ્યા છે. અનુસૂચિત જનજાતિના લોકોનું જીવન અનેકવિધ સમસ્યાઓથી ભરેલું હોય છે. તેમાં તેમને આર્થિક રીતે સામાજિક રીતે અનેક સમસ્યાઓથી ઘેરાયેલા હોય છે. ભારતની તમામ આદિવાસી જાતિઓના શિક્ષણની પરિસ્થિતિ એક સમાન નથી. પૂર્વ ભારતમાં નાગાલેન્ડ જેવા રાજ્ય માં શિક્ષણનું સ્તર ઘણું ઉચું છે. સમાજ માનવશાસ્ત્રીય સાહીત્યમાં આદિવાસી સ્ત્રીઓનું વર્ણન ખૂબજ સુંદર રીતે કરવામાં આવ્યું છે. આદિવાસી સ્ત્રીઓનો દરજ્જો અને ભૂમિકાની અસર તેમના વિકાસ પર પડે છે. આદિવાસી વિસ્તારોમાં ગરીબી અને વંચિતતાની અસર પ્રત્યક્ષ જોવા મળે છે. આ વિસ્તારની સ્ત્રીઓની ભૂમિકા અને દરજ્જા વિશે વિગતવાર વિશ્લેષણ કરવું જરૂરી છે. વિવિધ પ્રદેશો અને વિસ્તારોની આદિવાસી મહિલાઓનો દરજ્જો અને ભૂમિકામાં વિભિન્નતા અને વિવિધતા જોવા મળે છે. આદિવાસી પ્રજા પહાડી પ્રદેશોમાં વધારે જોવા મળે છે. આઝાદી પહેલા અને પછી આ પ્રજા સુખી હતી. પણ જ્યારથી જંગલોનો નાશ ઔદ્યોગિકરણને કારણે થયો તેથી આ પ્રજા ગરીબાઈમાં સપડાઈ તેથી તેમાં શિક્ષણનો વ્યાપ બહુ જ ઓછો જોવા મળે છે. શિક્ષણનો વ્યાપ* Knowledge Explotion *વધ્યો હોવા છતાં આદિવાસી સમાજમાં શિક્ષણ નહિવત્ જોવા મળે છે. તેમાંય ખાસ કરીને બહેનોનું શિક્ષણ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. ભારત સરકાર એમ ઈચ્છે છે કે સર્વ સમાજોના માણસોનો શૈક્ષણિક વિકાસ સંધાય તેજ રીતે આદિવાસી પ્રજાનો પણ શૈક્ષણિક વિકાસ સંધાય તેમાં આદિવાસી પ્રજાનો આર્થિક, સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક વિકાસ સાધવા માટે ઉત્તમ સાધન શિક્ષણ છે.સર્વત્ર શિક્ષણની વ્યવસ્થા થઈ હોવા છતાં ભૌગોલિક રીતે સામાજિક, ધાર્મિક, આર્થિક, સાંસ્કૃતિક રીતે શૈક્ષણિક સમસ્યાઓ હજુ નડે છે. જેના કારણે આદિવાસી*

બહેનોને શિક્ષણથી વંચિત રહેવું પડે છે. માટે જ સંશોધકે આદિવાસી વિદ્યાર્થિનીઓની શૈક્ષણિક સમસ્યાઓનો અભ્યાસ હાથ ધર્યો છે.

## ૨. સંશોધન સમસ્યા

સંશોધકે હાથ ધરેલા સંશોધનાત્મક અભ્યાસનું શીર્ષક નીચે મુજબ છે.

"માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી આદિવાસી વિદ્યાર્થિનીઓની શૈક્ષણિક સમસ્યાઓ "

પ્રસ્તુત સંશોધન ભિલોડા તાલુકાની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી આદિવાસી વિદ્યાર્થિનીઓની શૈક્ષણિક સમસ્યાઓ જાણવા માટે હાથ ધરવામાં આવ્યો છે.

## ૩. અભ્યાસના હેતુઓ

૧. ભિલોડા તાલુકાની આદિવાસી વિદ્યાર્થિનીઓની શૈક્ષણિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.
૨. ભિલોડા તાલુકાની માધ્યમિક શાળાની આદિવાસી વિદ્યાર્થિનીઓના શિક્ષણ સુધારણા માટે શાળા દ્વારા કરવામાં આવતા પ્રયત્નો વિશે અભ્યાસ કરવો.
૩. ભિલોડા તાલુકાની આદિવાસી વિદ્યાર્થિનીઓ માટે માધ્યમિક શાળાની અધ્યયનની સગવડો વિદ્યાર્થિનીઓની કારકિર્દી સહ અભ્યાસ પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવો.
૪. ભિલોડા તાલુકાની આદિવાસી વિદ્યાર્થિનીઓની શિક્ષણમાં અવરોધક આર્થિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.
૫. ભિલોડા તાલુકાની આદિવાસી વિદ્યાર્થિનીઓની શિક્ષણમાં અવરોધક સામાજિક બાબતોની તપાસ કરવી.
૬. ભિલોડા તાલુકાની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી આદિવાસી વિદ્યાર્થિનીઓની શૈક્ષણિક સમસ્યાઓ નિવારવા સૂચનો કરવા.

## ૪. સંશોધનનું ક્ષેત્ર

પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર અનુસૂચિત જનજાતિઓનું શિક્ષણ છે.

## ૫. સંશોધનનો પ્રકાર

પ્રસ્તુત સંશોધનનો પ્રકાર સર્વેક્ષણ છે.

## ૬. સંશોધનના પ્રશ્નો

૧. ભિલોડા તાલુકાની આદિવાસી વિદ્યાર્થિનીઓની સમસ્યાઓ કઈ કઈ છે ?
૨. ભિલોડા તાલુકાની આદિવાસી વિદ્યાર્થિનીઓની શિક્ષણ સુધારણા માટે શાળા દ્વારા કયા કયા પ્રયત્નો કરવામાં
૩. આવે છે ?
૪. માધ્યમિક શાળાની અધ્યયનની સગવડો અને વિદ્યાર્થિનીઓની કારકિર્દી સહ અભ્યાસ પ્રવૃત્તિઓ કઈ - કઈ છે ?
૫. ભિલોડા તાલુકાની આદિવાસી વિદ્યાર્થિનીઓ ની શિક્ષણમાં અવરોધક આર્થિક સમસ્યાઓ કઈ - કઈ છે ?
૬. ભિલોડા તાલુકાની આદિવાસી વિદ્યાર્થિનીઓની અભ્યાસમાં અવરોધક સામાજિક સમસ્યાઓ કઈ - કઈ છે ?
૭. ભિલોડા તાલુકાની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી આદિવાસી વિદ્યાર્થિનીઓની શૈક્ષણિક સમસ્યાઓ નિવારવાના સૂચનો કયાં છે ?

## ૭. અભ્યાસનું મહત્ત્વ

૧. પ્રસ્તુત સંશોધનથી આદિવાસી વિદ્યાર્થિનીઓના ઘર અને શાળા વચ્ચે આવ-જા ની મુશ્કેલીઓનો ખ્યાલ આવશે.
૨. પ્રસ્તુત અભ્યાસથી આદિવાસી વિદ્યાર્થિનીઓ આર્થિક પરિસ્થિતિ શૈક્ષણિક પરિસ્થિતિની સમસ્યા શિક્ષણ માટે ઘરનું અને શાળાનું વાતાવરણ વગેરેનો ખ્યાલ આવશે.
૩. પ્રસ્તુત અભ્યાસથી આદિવાસી વિદ્યાર્થિનીઓની શૈક્ષણિક કારકિર્દી પર અવરોધક પરિબળોનો ખ્યાલ આવશે.
૪. પ્રસ્તુત અભ્યાસને આધારે સમસ્યાના ઉકેલ માટે જરૂરી સૂચનો થઈ શકશે.
૫. પ્રસ્તુત અભ્યાસ ભવિષ્યમાં આ પ્રકારના અભ્યાસો હાથ ધરવા માટે માર્ગદર્શન પૂરું પાડશે.
૬. પ્રસ્તુત અભ્યાસથી આદિવાસી વિદ્યાર્થિનીઓના વાલી શિક્ષકો આચાર્યો સુપરવાઈઝરો શૈક્ષણિક સંસ્થાઓ અધિકારીઓ સરકારને પણ કેટલાક સૂચનો કરી શકશે.

૭. પ્રસ્તુત અભ્યાસ શિક્ષણશાસ્ત્રીઓની શૈક્ષણિક ચિંતન માટે ભાથું પૂરું પાડે છે.

## ૮. અભ્યાસની મર્યાદાઓ

૧. નમૂનાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી ફક્ત આદિવાસી વિદ્યાર્થિનીઓ જ પસંદ કરવામાં આવી છે.
૨. અભ્યાસનું ક્ષેત્ર ભિલોડા તાલુકા પૂરતું અને માત્ર આદિવાસી વિદ્યાર્થિનીઓ પૂરતું મર્યાદિત છે આથી તારણો વ્યાપક બનાવી શકાય નહિ.
૩. સંશોધનમાં ભિલોડા તાલુકાની તમામ માધ્યમિક શાળાઓનો સમાવેશ કર્યો નથી.
૪. પ્રસ્તુત અભ્યાસમાં માહિતીનું એકત્રીકરણ પ્રશ્નાવલિ દ્વારા કરવામાં આવ્યું છે.

## ૯. વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ ભિલોડા તાલુકો છે જેમાં ૧૦ માધ્યમિક શાળાઓ જ આદિવાસી વિસ્તારની વિદ્યાર્થિનીઓના અભ્યાસ માટે પસંદ કરવામાં આવી છે.

## ૧૦. નિદર્શ પસંદગી

ભિલોડા તાલુકાની માધ્યમિક શાળામાં ફક્ત ધોરણ ૮,૯ અને ૧૦ માં અભ્યાસ કરતી આદિવાસી વિદ્યાર્થિનીઓ હતી. જેમાં પ્રસ્તુત અભ્યાસમાં ૩૦૦ વિદ્યાર્થિનીઓ નમૂના તરીકે પસંદ કરવામાં આવી છે.

## ૧૧. સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## ૧૨. ઉપકરણ

પ્રસ્તુત સંશોધન માટે જરૂરી માહિતી પ્રશ્નાવલિ દ્વારા મેળવવામાં આવી છે.

## ૧૩. માહિતીનું એકત્રીકરણ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માહિતીનું એકત્રીકરણ શાળાઓમાં રૂબરૂ જઈ આદિવાસી વિદ્યાર્થિનીઓની સંખ્યાની માહિતી મેળવી દરેક શાળામાં ત્રીસ પ્રશ્નાવલી ભરાવીને માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું છે.

## ૧૪. માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

પ્રસ્તુત સંશોધનમાં પ્રશ્નાવલિમાં મૂકવામાં આવેલા પ્રશ્નોના પ્રતિચારોનું પૃથક્કરણ કરવામાં આવ્યું માહિતીને કોઠાબંધ ટકાની ગણતરી કરવામાં આવી અને આ ટકાને આધારે માહિતીનું અર્થઘટન કરવામાં આવ્યું

## ૧૫. અભ્યાસનાં તારણો

૧. અભ્યાસમાં સમાવેલ વિદ્યાર્થિનીઓ પૈકી ૨૯% ગામની શાળામાં અને ૨૩.૬૭% વિદ્યાર્થિનીઓ બહારગામની શાળામાં આવજા કરી અભ્યાસ કરે છે.
૨. અભ્યાસમાં સમાવેલ વિદ્યાર્થિનીઓ પૈકી મોટા ભાગની વિદ્યાર્થિનીઓ બહાર ગામની શાળામાં ભણવા જાય છે.
૩. અભ્યાસમાં સમાવેલ વિદ્યાર્થિનીઓ પૈકી મોટા ભાગની વિદ્યાર્થિનીઓ ચાલતા આવજા કરે છે. જ્યારે અન્ય બસમાં બેસીને આવ જા કરે છે.
૪. અભ્યાસમાં સમાવેલ વિદ્યાર્થિનીઓ પૈકી મોટા ભાગની વિદ્યાર્થિનીઓ થાકી જવાના કારણે વાંચવા બેસી શકતી નથી.
૫. અભ્યાસમાં સમાવેલ વિદ્યાર્થિનીઓને વર્ગખંડની કેટલીક બાબતો મૂઝવે છે જેવું કે ગૃહકાર્ય ન જોવું, ભણવાની સમજ ન પડે વગેરે.
૬. અભ્યાસમાં સમાવેશ વિદ્યાર્થિનીઓને અભ્યાસ કરવા બેસવાનું સ્થાન અલગ અલગ છે.
૭. અભ્યાસમાં સમાવેશ વિદ્યાર્થિનીઓ ને ઘેર નોટો પુસ્તકો મૂકવાની વ્યવસ્થા અલગ અલગ છે.
૮. અભ્યાસમાં સમાવેશ વિદ્યાર્થિનીઓની ઘેર અભ્યાસ સિવાય બીજી અન્ય પ્રવૃત્તિઓ કરવી પડે છે.
૯. અભ્યાસમાં સમાવેલ વિદ્યાર્થિનીઓના મોટા ભાગના ભાઈ-બહેનો જ માધ્યમિક શિક્ષણ મેળવેલ છે.
૧૦. અભ્યાસમાં સમાવેલ વિદ્યાર્થિનીઓના મોટા ભાગના માતાપિતા અભણ છે.
૧૧. અભ્યાસમાં સમાવેલ વિદ્યાર્થિનીઓને અમુક ને માર્ગદર્શન મળતું નથી બાકી નાને મળે છે.

૧૨. અભ્યાસમાં સમાવેલ વિદ્યાર્થિનીઓને ઘેર કેટલાક ને ત્યાં શૈક્ષણિક સુવિધા છે તો કેટલાકને ત્યાં નથી.
૧૩. અભ્યાસમાં સમાવેલ વિદ્યાર્થિનીઓને કેટલાકને જાતે પુસ્તકો લાવવા પડે છે તો કેટલાક ને મજૂરી કરી લાવવા પડે છે.
૧૪. અભ્યાસમાં સમાવેલ વિદ્યાર્થિનીઓ પાસે શૈક્ષણિક સાધનો કેટલીક વિદ્યાર્થિનીઓ જોડે છે તો કેટલીક જોડે નથી.
૧૫. અભ્યાસમાં સમાવેલ વિદ્યાર્થિનીઓ પાસે જરૂરી શૈક્ષણિક સાધનો નથી , કેટલીક વિદ્યાર્થિનીઓ પાસે પૈસા નથી.
૧૬. વિદ્યાર્થિનીઓને જરૂરી અન્ય સાહિત્ય અમુક જોડે હતું જયારે અમુક વિદ્યાર્થિનીઓ જોડે ન હતું.
૧૭. અન્ય સાહિત્ય ન હોવાના કારણમાં માર્ગદર્શનનો અભાવ મા-બાપ લાવી નથી આપતા વગેરે કારણો છે.
૧૮. અભ્યાસમાં સમાવેલ વિદ્યાર્થિનીઓ શનિ-રવિની રજાઓમાં અલગ અલગ પ્રવૃત્તિઓ કરે છે.
૧૯. અભ્યાસમાં સમાવેલ વિદ્યાર્થિનીઓને અઘરા વિષયો સાહિત્ય ન હોવાથી વગેરે કારણે અભ્યાસ કાચો રહે છે.
૨૦. અભ્યાસમાં સમાવેલ વિદ્યાર્થિનીઓ પૈકી કોઈ વિદ્યાર્થિનીએ હિન્દીની બાહ્ય પરીક્ષા આપી નથી.
૨૧. અભ્યાસમાં સમાવેલ વિદ્યાર્થિનીઓને શાળામાં ન મોકલવા સંબંધી અલગ-અલગ કારણો જોવા મળ્યાં.
૨૨. અભ્યાસમાં સમાવેલ વિદ્યાર્થિનીઓ સવાર સાંજ અલગ અલગ પ્રવૃત્તિઓ કરે છે.
૨૩. અભ્યાસમાં સમાવેલ વિદ્યાર્થિનીઓ અમુક પ્રવૃત્તિઓમાં ભાગ લેતી નથી તેનું કારણ માર્ગદર્શનનો અભાવ છે.
૨૪. અભ્યાસમાં સમાવેલ વિદ્યાર્થિનીઓ પૈકી મોટા ભાગની વિદ્યાર્થિનીઓ રમતમાં ભાગ લે છે જયારે અમુક માર્ગદર્શનના અભાવે ભાગ લેતી નથી.
૨૫. અભ્યાસમાં સમાવેલ વિદ્યાર્થિનીઓ માં કેટલીક સર્જનાત્મક પ્રવૃત્તિમાં ભાગ લે છે જયારે કેટલીક લેતી નથી.
૨૬. અભ્યાસમાં સમાવેલ વિદ્યાર્થિનીઓમાં કેટલીક અનિયમિત જાય છે તો કેટલીકને અમુક સમસ્યાઓ નડે છે.
૨૭. અભ્યાસમાં સમાવેલ વિદ્યાર્થિનીઓમાં મોટા ભાગની વિદ્યાર્થિનીઓ જોડે એક જોડ કપડાં છે.
૨૮. અભ્યાસમાં સમાવેલ વિદ્યાર્થિનીઓ પૈકી શિક્ષક તરફથી અમુકને આરોગ્ય અંગેની સૂચનાઓ મળે છે અમુકને મળતી નથી.
૨૯. અભ્યાસમાં સમાવેલ વિદ્યાર્થિનીઓ ફુરસદના સમયે અલગ-અલગ પ્રવૃત્તિઓ કરે છે.

## ૧૮. શૈક્ષણિક ફલિતાર્થ

પ્રસ્તુત સંશોધનમાં તારણોનાં આધારે ફલિતાર્થો તારવવામાં આવ્યા હતા જે નીચે મુજબ છે.

૧. શિક્ષકે વિદ્યાર્થિનીઓના અભ્યાસ તરફ ધ્યાન આપવું જોઈએ.
૨. શિક્ષકે વિદ્યાર્થિનીઓની સમસ્યાઓ જાણી ને તેનું નિવારણ કરવું જોઈએ.
૩. શિક્ષક વિદ્યાર્થિનીઓની સમસ્યાઓને જાણી તેને અભ્યાસ પ્રત્યે પ્રેરિત કરવામાં વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ કરવો જોઈએ.
૪. શિક્ષકે વિદ્યાર્થિનીઓને વયકક્ષા પ્રમાણે યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ.
૫. શિક્ષકે પોતાના વર્ગમાં બધી વિદ્યાર્થિનીઓ પ્રત્યે સમાન વલણ રાખવું જોઈએ.

## ૧૯. ઉપસંહાર

પ્રસ્તુત અભ્યાસ એ માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી આદિવાસી વિદ્યાર્થિનીઓની શૈક્ષણિક સમસ્યાઓ જાણવા માટેનો એક નાનકડો પ્રયાસ છે. આ અભ્યાસ ભિલોડા તાલુકાની માધ્યમિક શાળાઓની ધોરણ ૮,૯ અને ૧૦ માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ પૂરતો મર્યાદિત છે તેથી આદિવાસી વિદ્યાર્થિનીઓની સમસ્યાઓ દૂર કરવા માટે આ અભ્યાસ શિક્ષકો ,વાલીઓ તેમજ કેળવણીકારોને ઉપયોગી નીવડશે તો અભ્યાસ ક્રમનો આ પ્રયાસ સાર્થક થયો ગણાશે.

## સંદર્ભસૂચિ

૧. આચાર્ય, મોહિનીબેન ડી. (૨૦૦૯). "શિક્ષણમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર" અક્ષર પબ્લિકેશન, અમદાવાદ
૨. દવે, હર્ષિદા એચ. "આદિવાસી મહિલાઓ અને વિકાસ" યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ .
૩. દેસાઈ, હરીભાઈ જી. અને ત્રિવેદી, મનુભાઈ ડી. "શૈક્ષણિક સંશોધનની રૂપરેખા". સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ.
૪. દેસાઈ, હરીભાઈ ગુ.અને દેસાઈ, કૃષ્ણકાન્ત ગો. "સંશોધનની પધ્ધતિઓ અને પ્રવિધિઓ". યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
૫. પટેલ, શાંતીભાઈ (૧૯૧૦). "આદિવાસીઓની સમસ્યાઓ" .રચના પ્રકાશન અમદાવાદ
૬. શાહ, વિમલ "આદિવાસીઓના પ્રશ્નો" .ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.